યુપીએ સરકાર સામે ખતરો નથી : કોંગ્રેસ

નવી દિલ્હી,તા. ૨૦

ડીએમકે દ્વારા યુપીએ સરકાર સાથે છેડો ફાડી લેવાના નિર્ણય બાદ સરકાર સામે કોઈ પણ ખતરો હોવાનો કોંગ્રેસે સાફ ઇન્કાર કર્યો હતો. કોંગ્રેસે કહ્યુ છે કે સરકારને કોઈ ખતરો નથી. બહુમતિ સામે કોઈએ પ્રશ્નો ઉઠાવ્યા નથી. સરકારે ભારપૂર્વક કહ્યુ છે કે તે સંપૂર્ણપણે સ્થિર છે અને નબળી નથી. સરકાર સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદની સમક્ષ શ્રીલંકા સાથે સંકળાયેલા પ્રસ્તાવ પર સુધારા રજુ કરશે જેથી શ્રીલંકામાં માનવ અધિકારના મામલે કઠોર સંદેશો પહોંચાડી શકાય. આ વિષય પર સરકારની દલીલો સરકારના ત્રણ પ્રધાનોએ રજુ કરી હતી જેમાં પી ચિદમ્બરમ, કમલનાથ અને મનિષ તિવારીનો સમાવેશ થાય છે. આ ત્રણેય મીડિયા સમક્ષ રજુઆત કરતા ભારપૂર્વક કહ્યુ હતુ કે ડીએમકેની માંગ વિચારની પ્રક્રિયામાં હતી. ડીએમકે દ્વારા ટેકો પાછો ખેંચી લેવાના નિર્ણય અંગે કોંગ્રેસે આશ્ચર્યની લાગણી વ્યક્ત

કરી હતી. ડીએમકે દ્વારા ટેકો પાછો ખેંચી લેવાના નિર્ણય પર ફેરવિચારણા કરવાનું વચન આપવામાં આવ્યુ હતુ પરંતુ એકાએક ડીએમકેએ છેડો કેમ ફાડ્યો તે સમજાઈ રહ્યુ નથી. યુપીએ સરકારના બીજા સૌથી મોટા ઘટક પક્ષ તરીકે રહેલા ડીએમકેના લોકસભામાં ૧૮ સભ્ય છે. સરકારની સ્થિરતા અંગે પુછવામાં આવતા સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ હતુ કે અમારી સરકાર કમજોર નથી. સરકાર નબળી પણ નથી. સ્થિર સરકાર છે. કોઈ પણ રાજકીય પક્ષ અમારી બહુમતિને પડકાર ફેંકવા આગળ આવ્યુ નથી. ચિદમ્બરમે કહ્યુ હતુ કે ભારત ઈચ્છે છે કે જીનેવા સ્થિત સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદમાં શ્રીલંકા અંગે કઠોર દરખાસ્તને મંજુરી આપવામાં આવે. ભારત આ સંબંધમાં પ્રસ્તાવમાં સુધારા રજુ કરશે જેથી તમિળોના માનન અધિકારોના ભંગને લઈને કઠોર સંદેશો આપી શકાય તથા સ્વતંત્ર ચકાસણી માટે શ્રીલંકાને રાજી કરી શકાય. નાણાં મંત્રીએ એમ પણ કહ્યુ હતુ કે ભારતે અમેરિકાના કઠોર શબ્દોવાળા પ્રસ્તાવને હળવો કરી દેવાના કોઈ પ્રયાસ કર્યા નથી. આ માત્ર અફવાઓ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીલંકન તમિળો અંગે સંસદમાં પ્રસ્તાવ રજુ કરવા માટે દ્રમુકની બીજી માંગ પર પણ અન્ય પક્ષો પણ વિચારણા કરી રહ્યા છે. ચિદમ્બરમે દાવો કર્યો હતો કે સરકાર ડીએમકે દ્વારા આ પ્રકારનો નિર્ણય કરાશે તેવી અપેક્ષા ન હતી. નાણામંત્રી ચિદમ્બરમ અને અન્ય પ્રધાનોએ સરકાર તરફથી જોરદાર રજુઆત કરી હતી. કમલનાથે કહ્યુ હતુ કે યુપીએ સરકાર સ્થિર છે. લઘુમતિ સરકાર અંગે તેમણે કહ્યુ હતુ કે કોઈ પણ રાજકીય પાર્ટીએ અમને પડકાર ફેંક્યો નથી. કોંગ્રેસ પાર્ટી નવા સાથીઓની પણ શોધમાં નથી પરંતુ લોકશાહીના દરવાજા હમેશા ખુલ્લા રહે છે. વહેલીતકે સામાન્ય ચૂંટણીની શક્યતા છે કે કેમ તે અંગે પુછવામાં આવતા નાણાં મંત્રીએ આ પ્રશ્નને ફગાવી દઈને કહ્યુ હતુ કે આવી અટકળો માટે કોઈ આધાર નથી.

ઉત્તર પ્રદેશમાં ટ્રક ઝુંપડપટ્ટીમાં ઘૂસી જતાં આઠ બાળકોના મોત

લખનૌ,તા. ૨૦

ઉત્તર પ્રદેશમાં આજે એક ટ્રક ઝુંપડપટ્ટીમાં ઘૂસી જતાં આઠ માસૂમ બાળકોના કરુણ મોત થઈ ગયા હતા. લખનૌથી ૩૩૫ કિલોમીટરના સ્થિત અલીગઢમાં બાયપાસ નજીક નાગલા પટવાલી ખાતે ઝડપથી પસાર થતી એક ટ્રકે કાબૂ ગુમાવતા આ ટ્રક નજીકમાં આવેલી ઝુંપડપટ્ટીમાં ઘૂસી ગઈ હતી જેથી આઠ માસૂમ બાળકોના મોત થઈ ગયા હતા અને ડઝનથી વધુ લોકો ઘાયલ થઈ ગયા હતા. ઈંટો ભરેલી આ ટ્રક ઝડપથી પસાર થઈ રહી હતી. ડ્રાઈવરે કાબૂ ગુમાવી દેતા આ ટ્રક ગામમાં માર્ગની બાજુએ આવેલી ઝુંપડીઓમાં ઘૂસી ગઈ હતી. મૃતકોમાં પાંચ બહેનોનો પણ સમાવેશ થાય છે.

ભોગ બનેલા લોકોની ઓળખ કરી લેવામાં આવે છે. જેમાં પાંચ મહિનાના ઈમરાન, ત્રણ વર્ષના અકરમ, સાત વર્ષના કોસર, ૧૦ વર્ષની શાબાના, ૫ વર્ષની ખુશ્બુ, ૮ વર્ષની ઝરીના, ૫ વર્ષીય સોહિલ અને ૫ વર્ષની હાજરાનો સમાવેશ થાય છે. બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં વિલંબ થયા બાદ લોકો નારાજ થયા હતા. તોફાની લોકો હિંસા ઉપર ઉતરી આવ્યા હતા અને ભારે દેખાવો કરવામાં આવ્યા હતા. નારાજ થયેલા લોકોએ આક્ષેપ કર્યો હતો કે ઘણી વખત માર્ગને વ્યવસ્થિત કરવા માટે રજૂઆત કરવામાં આવી છે પરંતુ ધ્યાન આપવામાં આવ્યું નથી. અકસ્માતના કારણે ટ્રક ડ્રાઈવરને પણ ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તો પૈકીમાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. તોફાની લોકોએ કલાકો સુધી આ માર્ગ ઉપર નાકાબંધી કરી હતી. માર્ગને વ્યવસ્થીત કરવા માટે સત્તાવારાઓની બેદરકારી સામે દેખાવો કરવામાં આવ્યા હતા.

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

નવી દિલ્હી,તા. ૨૦

ચૂંટણી પંચે આજે કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની વિધિવતરીતે જાહેરાત કરી હતી. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી પાંચમી મેના દિવસે યોજાશે અને મતગણતરીની પ્રક્રિયા આઠમી મેના દિવસે યોજાશે. કર્ણાટકમાં ચૂંટણી માટેનું જાહેરનામુ ૧૦મી એપ્રિલના દિવસે જાહેર કરાશે. એક જ તબક્કામાં સમગ્ર રાજ્યમાં ૨૨૪ બેઠકો માટે મતદાન યોજાશે. મુખ્ય ચૂંટણી કમિશનરે પત્રકારો સાથે વાતચીત કરતા કાર્યક્રમની જાહેરાત કરી હતી અને કહ્યુ હતુ કે આ ચૂંટણી માટે રાજ્યમાં કુલ ૫૦૪૪૬ ચૂંટણી બૂથ બનાવવામાં આવશે. મતદારોના ઘરે વોટરસ્લીપ મોકલવામાં આવશે અને ચૂંટણી પ્રચારની વીડિયો ગ્રાફી પણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યુ હતુ કે ચૂંટણી માટે ૧૦મી એપ્રિલના દિવસે જાહેરનામુ જારી કરવામાં આવશે. જ્યારે ઉમેદવારી પત્રોની ચકાસણીની કામગીરી ૧૮મી એપ્રિલના દિવસે હાથ ધરાશે. કર્ણાટકમાં ૨૨૪ સભ્યોની વિધાનસભાની અવધિ ત્રીજી જૂનના દિવસે પૂરી થઈ રહી છે. વર્તમાન અવધિ પૂરી થાય તે પહેલા કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા કાયદા મુજબ પૂરી કરી લેવામાં આવે તે જરૂરી છે. રાજ્યમાં પ્રવર્તમાન વિધાનસભા મત વિસ્તારોમાં મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા પૂરી કરી લેવામાં આવી છે. ફોટો ઓળખપત્રો આગામી સામાન્ય ચૂંટણી દરમિયાન મુખ્યરીતે ઉપયોગ કરવામાં આવશે. કર્ણાટકમાં ફોટો ઓળખપત્રોની ટકાવારી ૯૭.૬૯ ટકાની આસપાસની છે. ચૂંટણીવેળા મતદાન મથકો પર મતદારોની ઓળખ કરવી ફરજિયાત રહેશે. આના માટે ઘણા ઓળખના પૂરાવાઓને ચલાવી લેવામાં

આવશે. તમામ મતદારોને જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવી ચૂકી છે. કર્ણાટકમાં ચૂંટણી ઈવીએમનો ઉપયોગ કરીને યોજવામાં આવશે. ચૂંટણી પંચે ચૂંટણીના સાનુકૂળ સંચાલન માટે પૂરતી સંખ્યામાં ઈવીએમ ગોઠવવાની ખાતરી કરી લીધી છે. ચૂંટણી પંચના આદેશ મુજબ જુદા જુદા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઈવીએમની પ્રથમ સ્તરની ચકાસણી કરી લેવામાં આવી છે. પ્રથમ તબક્કામાં તમામ ઈવીએમ જિલ્લા સ્ટોરેજ સેન્ટર ખાતે રાખવામાં આવ્યા છે. પ્રાથમિક સ્થિતિની ચકાસણી કરવામાં આવ્યા બાદ જ ચૂંટણીની ખાતરી કરવા માટે જુદા જુદા રાજ્યોમાંથી સુરક્ષાદળો પણ ગોઠવવામાં આવશે. કર્ણાટકમાં જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદ વિધિવતરીતે આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મતદાનની તારીખ પાંચમી મે રાખવામાં આવી છે. મતદાનના કલાકનો ગાળો સવારે આઠ વાગ્યાથી લઈને સાંજે પાંચ વાગ્યા સુધીનો રહેશે. મુખ્ય ચૂંટણી કમિશનર વીએસ સંપતે કહ્યુ હતુ કે ચૂંટણી તારીખોની જાહેરાતની સાથે જ કર્ણાટકમાં તરત આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે. રાજકીય પક્ષો પણ હવે પોત પોતાની તૈયારીમાં વ્યસ્ત થઈ ગયા છે. દક્ષિણી રાજ્યોમાં ચૂંટણીના સાનુકૂળ સંચાલન માટે સુરક્ષાદળોની ઉપયોગીતા અંગે કેન્દ્રિય ગૃહ સચિવ આરકે સિંહ સાથે ટોચના ચૂંટણી અધિકારીઓની બેઠક બાદ તારીખોની જાહેરાત કરવામાં આવી હતી. સીઈસી સંપત અને ચૂંટણી કમિશનર એચએસ બ્રહ્મા અને એસએનએ જેદીએ ગૃહ સચિવ અને અન્ય અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. કર્ણાટકમાં હાલ ભાજપનું શાસન છે. જો કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પએ પક્ષ સાથે છેડો ફાડી લીધા બાદથી ભાજપની હાલત પણ કર્ણાટકમાં કફોડી બનેલી છે. યેદીયુરપ્પાએ પોતાની પાર્ટી બનાવી છે.

સેઇલના ડિસઇન્વેસ્ટમેન્ટને આખરે લીલીઝંડી મળી ગઇ

નવી દિલ્હી,તા. ૨૦

સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. આંતર પ્રધાન સ્તરની પેનલે આજે સવારે સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (સેઈલ)માં ૧૦.૮૨ ટકા હિસ્સેદારી વેચાણને લીલીઝંડી આપી દીધી હતી. સાથે સાથે એવો નિર્ણય કર્યો હતો કે શુક્રવારના દિવસે ઈશ્યુ માર્કેટમાં આવશે. નાણામંત્રાલય દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. એમ પાવર ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સના નેતૃત્વમાં આજે બેઠક મળી હતી જેમાં શેરના વેચાણની કિંમત અંગે નિર્ણય લેવાયો હતો. નાણાંમંત્રી પી. ચિદમ્બરમના નેતૃત્વમાં ડિસઈન્વેસ્ટમેન્ટ અંગે એમ પાવર ગ્રૂપ ઓફ મિનિસ્ટરની મિટીંગ મળી હતી. બેઝ કિંમત ગુરુવારના દિવસે માર્કેટ બંધ થયા બાદ જાહેર કરવામાં આવશે. આજે સવારના કારોબારમાં સેઈલના શેરની કિંમત એક વર્ષની નીચી સપાટીએ એટલે કે ૬૪.૦૫ ઉપર પહોંચી હતી. જો કે તેમાં ત્યારબાદ ૬૫.૮૦ રૂપિયા સાથે કારોબાર થયો હતો. હાલની બજાર કિંમતને ધ્યાનમાં લેવામાં આવે તો ૧૦.૮૨ ટકા હિસ્સેદારી વેચાણથી સરકારને ૨૫૦૦ કરોડ રૂપિયાની રકમ મળી શકે છે. ઈજીઓએમ દ્વારા ઓફર ફોર સેલને લીલીઝંડી અપાઈ છે.

આ ઈશ્યુ ૨૨મી માર્ચે માર્કેટમાં આવશે. ડિસઈન્વેસ્ટમેન્ટ સચિવ રવી માથુરે આ મુજબની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે સેઈલના હિસ્સેદારી વેચાણની વિગતો સ્ટોક એક્સચેન્જને જણાવી દેવામાં આવી છે. સિંગાપુર, હોંગકોંગ, અમેરિકા, બ્રિટન અને અન્ય યુરોપીયન દેશોમાં ડીઓડી દ્વારા રોડ શો યોજવામાં આવી ચૂક્યા છે. સૂચિત ડિસઈન્વેસ્ટમેન્ટ માટે આનુ આયોજન કરવામાં આવ્યું હતું. સેઈલ સ્ટીલ મંત્રાલય હેઠળ આવે છે. સેઈલના મર્ચન્ટ બેન્કરોમાં એસબીઆઈ, કોટક મહિન્દ્રાનો સમાવેશ થાય છે. સરકારની હિસ્સેદારી ઘટીને ૭૫ ટકા થઈ જશે. સરકાર વર્તમાન નાણાંકીય વર્ષમાં ૨૪૦૦૦ કરોડના ડિસઈન્વેસ્ટમેન્ટના ટાર્ગેટનો પહોંચી વળવા સેઈલના ડિસઈન્વેસ્ટમેન્ટ ઉપર વિચારી રહી છે. હજુ સુધી પીએસયુ હિસ્સો વેચીને ૨૨૩૦૦ કરોડ રૂપિયા ઊભા કરવામાં આવ્યા છે.

મનમોહનસિંહ કરતાં વાજપેયી સારા વડાપ્રધાન હતા : મુલાયમ

નવી દિલ્હી, તા. ૨૦

સમાજવાદી પક્ષના અધ્યક્ષ મુલાયમસિંહ યાદવ વિરૂદ્ધ કરેલા પોતાના નિવેદન માટે કેન્દ્રીય મંત્રી બેનીપ્રસાદ વર્માએ આજે માફી માંગી લીધી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ૨ દિવસ અગાઉ બેનીપ્રસાદ વર્માએ મુલાયમ વિરૂદ્ધ "લૂંટારા" જેવા અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. જેની સામે મુલાયમસિંહ સહિત ઘણાં સંસદ સભ્યોને વાંધો હતો.

વડાપ્રધાન મનમોહનસિંહ સાથે યોજાયેલી એક ટૂંકી મુલાકાત બાદ વર્માએ જણાવ્યું હતું કે, મારી ટિપ્પણીથી જો કોઈની ભાવનાને ઠેસ પહોંચી હોય તો તે માટે હું માફી માંગુ છું. ઉત્તરપ્રદેશમાં એક જનસભા સંબોધતા વર્માએ મુલાયમસિંહ યાદવ વિરૂદ્ધ ઘણાં અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. વર્માએ જણાવ્યું હતું કે, પોતાના એ નિવેદન અંગે તેઓ કાયમ છે જેમાં તેમણે જણાવ્યું હતું કે, મુલાયમસિંહ યાદવને કહેવાતી રીતે "આતંકવાદીઓ સાથે સંબંધ" છે.

વર્મા ત્યારે પણ પોતાના નિવેદન અંગે અડગ હતા જ્યારે સપાને શાંત કરવા માટે કોંગ્રેસે તેમની ઝાટકણી કાઢી હતી. સમાજવાદી પક્ષ સરકારને બહારથી ટેકો આપી રહ્યો છે. વર્માની ટિપ્પણી અંગે સંસદમાં ઘણો હંગામો થયો હતો. સપાના સભ્યો તરફથી વર્માના રાજીનામાની તીવ્ર માંગણી કરવામાં આવી હતી. વર્માના રાજીનામાની માંગણી કરતાં કરતાં સંસદસભ્યો અધ્યક્ષના આસન સામે પહોંચી ગયા હતા. લોકસભાની કાર્યવાહી સ્થગિત થઈ ત્યારે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી મુલાયમસિંહ યાદવને મળ્યા હતા. ત્યાર બાદ એક અલગ બેઠકમાં ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેએ યાદવ સાથે મુલાકાત કરી હતી.

એમ માનવામાં આવી રહ્યું હતું કે, બંને નેતાઓએ મુલાયમસિંહ યાદવને જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ વર્માની ટિપ્પણીથી અલગ છે. તેમની ટિપ્પણી પક્ષનો મત નથી તેમના પોતાના નિવેદન છે. દરમિયાનમાં લોકસભામાં વિરોધપક્ષના નેતા સુષ્મા સ્વરાજે આજે કેન્દ્રીય મંત્રી બેનીપ્રસાદ વર્માના રાજીનામાની માંગણી કરતાં જણાવ્યું હતું કે, સંસદના એક સન્માનિત સભ્યને "કમિશન ખાનાર" તેમજ "આતંકવાદીઓ સાથે સંબંધ ધરાવનારા" કહેવું એ સાંસદના વિશેષાધિકાર ભંગનો મામલો છે.

લોકસભામાં સપાના સભ્યો તરફથી બેની પ્રસાદ વર્માના રાજીનામાની માંગ પર હંગામા દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, મુલાયમ સિંહ યાદવ માત્ર સંસદ સભ્ય જ નહીં પરંતુ એક પક્ષના અધ્યક્ષ તેમજ વરિષ્ઠ નેતા પણ છે. તેમની સાથે અમારે વૈચારિક મતભેદ હોય શકે પરંતુ એમની પર આવા આરોપ મુકવા યોગ્ય નથી.

સુષ્મા સ્વરાજે મુલાયમસિંહના સમર્થનમાં એ સમયે નિવેદન કર્યું છે જ્યારે સપા અધ્યક્ષે જણાવ્યું હતું કે હાલના વડાપ્રધાન મનમોહનસિંહ કરતાં ભૂ.પૂ. વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી સારા હતા. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મુલાયમસિંહ સાથે વાતચીત કરીને તેમને મનાવવાના પ્રયાસ કર્યા છે.

સમાચાર ઝલક

- આગ્રામાં બ્રિટીશ છોકરીએ બળાત્કારથી બચવા હોટેલની બારીમાંથી કૂદકો લગાવ્યો.
- રાજ્યસભામાં ડી.એમ.કે.ના સાંસદ વરાંતી સ્ટેનલી બેભાન થઇ ગયા.
- મુંબઇમાં હીરાના વેપારીનું બે કરોડનું ઉઠમણું થતાં સુરતનાં વેપારીઓમાં ગભરામણ.
- નવસારીની હોટલમાં ગુંડાગીરી, જમવા માટે મારામારી થઇ.
- બનાસકાંઠામાં તોડ કરનાર ૩ પોલીસ કર્મચારીઓને પાણીચું પકડાવ્યું.
- તેલીબીયાં ઉત્પાદન ૨.૫૬ લાખ ટન થશે.
- શિખર ધવનને હાથે ઇજા થવાથી દિલ્હી ટેસ્ટમાં રમશે નહીં.
- આર.સી. ટેકનીકલ કોલેજના પ્રોફેસર છેડતી મુદ્દે સસ્પેન્ડ કરાયા.
- અમદાવાદ નજીક પોલીસ બાતમીદારની હત્યા થઇ.
- પંજાબના હેરોઇન ડ્રગ્સમાં ભૂતપૂર્વ ડી.એસ.પી. પોલીસ ઓફીસરની ધરપકડ.
- મહારાષ્ટ્રમાં પૂ.આશારામ બાપુનો હોલિકાત્સવ મુશ્કેલીમાં, શિવસેનાએ ઝુકાવ્યું.
- જામનગરમાં જાહેરમાં લૂંટારાઓએ લૂંટ કરી.
- બનાસકાંઠા કલેકટર એ એસએમએસ દ્વારા ફરિયાદ નિકાલ કરવાની સૌ પ્રથમ પ્રથા અપનાવી.
- આજે વિશ્વ ચકલી દિવસ ઉજવાયો, અનેક જગ્યાએ પંખીઘરનું વિતરણ થયું.
- હોળી ઉત્સવ નિમિત્તે રાજસ્થાનીઓ વતન ભણી, એસ.ટી. સવલત વધારી છે.
- રાજ્યમાં ગરમીની વધતો પારો, ઇડરમાં સૌથી વધુ ગરમી.
- કૃષિ મહોત્સવમાં યુગાન્ડાના પ્રતિનિધિ મંડળને ગુજરાત સરકારનું આમંત્રણ.

દ્રમુકના પાંચ કેન્દ્રિય મંત્રીઓના રાજીનામા

નવી દિલ્હી, તા. ૨૦

કેન્દ્રની યુપીએ સરકાર સાથે છેડો ફાડ્યા બાદ દ્રમુકના પાંચ મંત્રીઓએ આજે વડાપ્રધાન ડો. મનમોહનસિંઘે રાજીનામા પત્રો સોંપ્યા હતા. એસએસ પલાનિમનિકમ, જી. ગાંધીસેલ્વન અને એસ. જગતરક્ષકને એક સાથે રાજીનામાના પત્રો સોંપ્યા હતા. જ્યારે કેન્દ્રીય મંત્રી અલાગીરી અને ડી. નેપોલીયને બાદમાં રાજીનામાના પત્રો સોંપ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીલંકાના તમિલોના પ્રશ્ને કેન્દ્ર સરકારના નરમ વલણથી નારાજ દ્રમુકે ગઈકાલે યુપીએના ગઠબંધનથી અલગ થવાનો નિર્ણય લીધો હતો. શરૂઆતમાં રાજીનામાં આપવા દ્રમુકના ત્રણ મંત્રીઓ પહોંચ્યા હતા. અલાગિરી અને નેપોલિયનની ગેરહાજરીમાં દ્રમુકના નેતા ટી આર બાલુએ કહ્યું હતું કે, બંને મંત્રીઓ બાદમાં રાજીનામાં આપશે. જો કે આ બંને મંત્રીઓએ પણ પોતાના રાજીનામાં આપી દીધા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, શ્રીલંકાના તમિલોના મુદ્દે રાષ્ટ્રીય માનવાધિકાર પંચમાં અમેરિકાના પ્રસ્તાવને ભારત સમર્થન આપે એવી માગણી દ્રમુક દ્વારા કરવામાં આવી હતી. કેન્દ્રએ આ પ્રસ્તાવના સંદર્ભમાં સંસદમાં ચર્ચા કરવાનું આશ્વાસન પણ આપ્યું છે. દ્રમુકને મનાવવા માટેના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે.

હૈદરાબાદ બ્લાસ્ટ કેસ : ત્રણ શખ્સો ત્રીજી સુધી કસ્ટડીમાં

નવી દિલ્હી,તા. ૨૦

હૈદરાબાદમાં ટ્વીન બ્લાસ્ટમાં સંડોવણી બદલ નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા પુછપરછ કરવામાં આવેલા ઈન્ડિયન મુઝાહીદીનના ત્રણ શકમંદોને આજે દિલ્હી કોર્ટ દ્વારા ત્રઝી એપ્રિલ સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં રીમાન્ડ પર લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. બંધ બારણે સુનાવણી વેળા જિલ્લા જજ આઈએસ મહેતાએ આઈએમના ખતરનાક શખ્સ ઉબેદ ઉર રહેમાન, સૈયદ મકબુલ અને ઈમરાન ખાનને જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કર્યો હતો. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ કહ્યું છે કે કેસમાં તેમની તપાસ ચાલી રહી છે. ત્રણ આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ટ્વીન બ્લાસ્ટ થતા ૧૬ લોકોના મોત થયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. એનઆઈએ દ્વારા તેમની કસ્ટોડિયલ પુછપરછ પૂર્ણ કરાતા તેમને કોર્ટમાં હાજર કરાયા હતા. રહેમાનને બેંગલોર સેન્ટ્રલ જેલમાંથી અહીં લાવવામાં આવ્યો હતો. હૈદરાબાદ બ્લાસ્ટ કેસના સંબંધમાં હજુ સુધી કોઈ મોટી સફળતા તપાસ ટીમોને હાથ લાગી નથી. તપાસ ટીમે કડીઓ મેળવવાના ઈરાદાથી હાલમાં માહિતી આપનાર માટે ઈનામની પણ જાહેરાત કરી છે.

શેરબજારમાં મંદી : સેન્સેક્સ ઘટી ૧૯૦૦૦થી નીચે રહ્યો

મુંબઈ,તા. ૨૦

શેરબજારમાં મંદીનો દોર આજે પણ અવિરતરીતે જારી રહ્યો હતો. કારોબારના અંતે બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ત્રણ સપ્તાહમાં પ્રથમ વખત ૧૯૦૦૦ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. સેન્સેક્સમાં આજે ૧૨૪ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. આર્થિક સુધારાની ગતિ ધીમી પડવાની દહેશત દેખાઈ રહી છે. કારણ કે ડીએમકે દ્વારા યુપીએ સરકારને હાલમાં ટેકો પાછો ખેંચી લેવામાં આવ્યો છે. કારોબારના અંતે સેન્સેક્સ ૧૨૪ પોઈન્ટ ઘટીને ૧૮૮૮૪ની સપાટીએ બંધ રહ્યો હતો. આ સપાટી છેલ્લે પહેલી માર્ચના દિવસે જોવા મળી હતી. છેલ્લા ત્રણ કારોબારી સેશનમાં ઈન્ડેક્સે ૫૬૨ પોઈન્ટ ગુમાવી દીધા છે. આની જ રીતે નિફ્ટી ૫૨ પોઈન્ટ ગટીને ૫૭૦૦થી નીચી સપાટીએ રહ્યો હતો. નિફ્ટી અંતે ૫૬૯૪ની સપાટીએ રહ્યો હતો. બ્રોકરોનુ કહેવુ છે કે શેરબજારમાં હવે મંદીનુ મોજુ છે. કારણ કે શ્રીલંકન તમિળ મામલે યુપીએ સરકારને ડીએમકે દ્વારા ટેકો પાછો ખેંચી લેવામાં આવ્યો છે. જેથી ભારે રાજકીય અનિશ્ચિતા છે. બજાર સાથે સંકળાયેલા લોકોનુ કહેવુ છે કે હાલમાં ચાલી રહેલી આર્થિક ગતિ ધીમી પડી શકે છે. રોકાણકારોનો વિશ્વાસ હાલમાં હચમચી ઉઠ્યો છે. રીઝર્વ બેંકે ગઈકાલે ટુંકા ગાળાના ધિરાણ દરમાં ઘટાડો કર્યો હતો અને સાથે સાથે એમ પણ કહ્યું હતું કે તેની પાસે હવે વ્યાજદરની નિતીને હળવી કરવા માટે ખુબ મર્યાદિત વિકલ્પો છે. નાણાંકીય અને વ્યાજલક્ષી શેરમાં મોટો ઘટાડો થયા બાદ ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. હાઉસિંગ ડેવલપમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શેરમાં ઘટાડો થયો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શેરમાં ૩.૩૭ ટકાનો ઘટાડો થયો હતો. જ્યારે આઈસીઈસીઆઈ બેંકના શેરમાં ૨.૮૫ ટકાનો ઘટાડો થયો હતો. આવી જ રીતે એચડીએફસી બેંકના શેરમાં ૦.૭૮ ટકાનો ઘટાડો થયો હતો. હાલ બજારની દિશા યથાવત રહે તેવી વકી છે. ૩૦ શેર બીએસઈ ઈન્ડેક્સની યાદીમાં ૧૯ શેર મંદીમાં રહ્યા હતા. જેમાં રિલાયન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, ભેલ, મારૂતિ સુઝુકી, એનટીપીસી, ભારતી એરટેલનો સમાવેશ થાય છે.

બેકહામ વિશ્વનો સૌથી મોંઘો ફૂટબોલ ખેલાડી

પેરિસ,તા. ૨૦

વિશ્વમાં ફૂટબોલની રમત સૌથી લોકપ્રિય છે. ફૂટબોલમાં સૌથી વધુ કમાણી કરનારની યાદીમાં ફરી એકવાર બ્રિટનને ખેલાડી ડેવીડ બેકહામ પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. વિશ્વ ફૂટબોલમાં તે સૌથી જંગી કમાણી કરનાર ખેલાડી તરીકે આવ્યો છે.

ફ્રાન્સ ફૂટબોલ મેગેઝિન દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વિગત સપાટી ઉપર આવી છે. પોતાની રમતની કેરિયરના અંત નજીક પહોંચેલા ડેવિડ બેકહામની આવક અભૂતપૂર્વ છે. તે લિયોનેલ મેસ્સી અને ક્રિસ્ટીયાનો રોનાલ્ડો કરતા પણ આગળ રહ્યો છે. ફ્રાન્સ ફૂટબોલ રિપોર્ટમાં જણાવાયું છે કે બેકહામની આવક વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૬ મિલિયન યુરો રહેશે. આની સાથે જ તે ચાર વખતના બેલોન વિજેતા અને વિશ્વના સૌથી લોકપ્રિય ખેલાડી મેસ્સી કરતા પણ આગળ છે. ડિસેમ્બર મહિનામાં લોસએન્જેલસ ગેલેક્સીને છોડી દેનાર બેકહામની વાર્ષિક કમાણી ૧.૭ મિલિયન યુરોની આસપાસ છે જેમાં બોનસ અને અન્ય આવકનો સમાવેશ થાય છે. જેમાં જાહેરાતનો પણ સમાવેશ થાય છે. વિશ્વના સૌથી લોકપ્રિય ફૂટબોલ કેલાડીઓની વાત કરવામાં આવે તો સ્પેનના ફર્નાન્ડો ટોરેસનો પણ સમાવેશ થાય છે.

વાત કાનૂન કાયદાની... (પાના નં. ૪ નું ચાલુ)

સીધી કે આડકતરી ગુનાહીત પ્રવૃત્તિઓમાંથી કરવામાં આવેલી આવકને પ્રોસિડ ફોર ક્રાઇમ ગુનાહિત પ્રવૃત્તિઓમાંથી કરવામાં આવેલી આવક ગણવામાં આવશે. મની લેન્ડીંગ એક્ટના નવા નિયમો ૧ એપ્રિલથી અમલમાં મુકાશે તથા નવા નિયમોની યાદી સરકાર દ્વારા જાહેર કરવામાં આવશે.

બુલીયન બજારમાં અત્યારથી જ ફફડાટ ફેલાઇ રહ્યો છે. સોના ચાંદી તથા પ્રોપર્ટીના ભાવો ગગડશે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે. હાલની મંદીમાં 'પડ્યા ઉપર પાટા' સમાન ગણાશે. સોનીઓ, મહાજનો આ કાયદાનો વિરોધ કરી હડતાળ પાડી દેશવ્યાપી બંધનું આયોજન કરી રહ્યાં છે. તેમજ વેપારી અગ્રણીઓ એ આ કાયદાને ગોલ્ડ કંટ્રોલ એક્ટ કાળા કાયદા સાથે સરખાવ્યો છે. જોઇએ આગામી સમયમાં સરકાર બેનામી વ્યવહારો ઉપર કેટલો અંકુશ રાખી શકે છે.